મેઘ-માલિની

નાટકનાં ગાયનો અને રૂપરેખા.

લેખક—નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ., એલ. એલ. બી., બૅરિસ્ટર-ઍટ-લૉ

પ્રકાશક—બાપુલાલ બી. નાયક.
[illegible]બઇ ગુજરાતી નાટક મંડળીના માલિક.
[illegible] મુકામ અમદાવાદ ધીકાંટા માસ્તર થીએટર.

આવૃત્તિ બીજી   પ્રત ૩૦૦૦.

જૈન એડવોકેટ પ્રેસ ધીકાંટા અમદાવાદમાં [illegible]
બાપુલાલ શાહે પ્રસિદ્ધ કર્તા માટે છાપ્યું.

[illegible]ત ૧૯૮૧   સને ૧૯૨૫

મૂલ્ય ૦-૪-૦

નિવેદન.

જેઓને "મધુ-બંસરી" પસંદ પડેલ હશે તેઓને "મેઘ-માલીની" મા પણ રસ પડશે એમ મ્હને આશા છે. કારણકે સામાજિક પ્રશ્નોની પરંપરામાં જ્યાં "મધુ-બંસરી" અટકે છે ત્યાંથી "મેઘ-માલીની" શરૂ થય છે.

અલબત્ત, જેમ "મધુ-બંસરી" સંબંધી કોઈ કોઈ સ્થળે કહેવાતું હતું તેમ આ નાટકમાં સૂચવાયેલા પ્રશ્નો સંબંધી પણ કદાચ કહેવાશે કે આ પ્રશ્નો હજુ આપણા દેશમાં બહુ બહુ દૂર છે. મ્હારૂં માનવું જૂદુ છે "મધુ-બંસરી" ની જે વાતો બહુ દૂર ગણાતી હતી તેમાંની કેટલીક હકીકત રૂપે બની ગઈ હતી અને કેટલીક ચાર જ માસમાંજ બનવા પામી હતી. "મેઘ-માલીની" માં પણ જે સવાલોને સ્પર્શવામા આવ્યા છે તે સવાલો અત્યારે સર્વત્ર, જીવંત સવાલો છે અને આપણા દેશમાં એ સવાલો બહુ ટૂંક સમયમાં ત્યારે જીવત થવાના છે. નાટકની સ્થૂલ ઉપાધિઓમાં વિંટળાયલા એ સવાલોને સુજ્ઞ પ્રેક્ષકો સહેલાઈથી ઉચકી લેશે એટલે મ્હારે તેની ઊંડી મીમાંસામાં ઉતરવાનું પ્રયોજન નથી. અમુક સામાજિક, આર્થિક કે રાજકીય પ્રશ્નનું બાહ્ય સ્વરૂપ આ નાટકમાં આલેખ્યું છે તેવુંજ વાસ્તવમાં હશે એમ માનવાને કોઈ કારણ નથી. છતાં અંતિમ પ્રકરણમાં જે સિદ્ધાંતો અને ઘટનાઓનો સમસ્ત સમાજે વ્હેલો મોડો નિકાલ લઈ આવવાનો છે તેનો થોડો ઘણો સ્પર્શ કરવાને મ્હેં અહિ નમ્ર પ્રયત્ન કર્યો છે.

સવાલોની વિગતમા ઉતરવાની કે તેનો ચોકસ નિર્ણય સૂચવવાની ધૃષ્ટતા મ્હેં બતાવી નથી. મ્હે તો સર્વ સામાજિક સવાલોમા અંતર્ગત રહેલ સનાતન હૃદયમંથનની એકાદ ઊર્મિનો જેવો લઈ શકાયો તેવો એક ન્હાનો "સ્નૅપશૉટ" લઈ લીધો છે, અને એ ન્હાના ફોટોગ્રાફમાં આપણી વર્તમાન-રંગભૂમિની કેટલીક જરૂરની ગણાતી ઉપાધિઓ પણ આવી ગઈ હશેજ. આ ઉપરથી સમજી શકાશે કે મ્હેં આદર્શો ચિતર્યા નથી; મ્હેં માત્ર કલ્પનાસૃષ્ટિની થોડી હકીકતોની નોંધ લીધી છે.

મુંબઈ, તા. ૨૬-૧૧-૧૮

ન. ભ. વિભાકર.

પાત્રોની નામાવલિ.

પુરૂષ પાત્રો.

મેઘદૂત—ભાગ્યનગરની "વિલાસ મિલ" નો મૅનેજર; શિવકામિનીનો ટ્રસ્ટી અને "શિવ-નિકેતન" નો સ્થાપક; મજૂરોનો મિત્ર, માલિનીનો પ્રિયતમ.

કર્મવિલાસ—"વિલાસ મિલનો" એક માલેક, કીર્તિદેવનો ભાગીદાર માલિની સાથે વેવિશાળના સંબંધથી જોડાયેલો "આબરૂદાર લાયક ગૃહસ્થ".

દોલતશંકર દુભાષિયા—"વિલાસ મિલ" નો કૅશિયર; પાછળથી મૅનેજર; કર્મવિલાસનો જમણો હાથ, અને નર્સ મીરાંની ડાબી આંખ!

કલાપી—ભાગ્યનગરનો કલાનિપુણ વણકર, શોભનાનો ગુરૂ અને હૃદયેશ્વર,

કીર્તિદેવ—"વિલાસ મિલ" નો બીજો માલેક માલિનીનો પિતા.

મહેરજીભાઈ મસ્કાવાળા—ભાગ્યનગરના ચુસ્ત "કૉન્ઝર્વેટિવ" સોલિસિટર, શિવકામિનીના ટ્રસ્ટી.

માલુ—મહેરજીભાઈ સોલિસિટરનો હમાલ, પાછળથી મેઘદૂતનો પ્રાઇવેટ સેક્રેટરી; કૃષ્ણકાન્તનો પિતા.

ડૉક્ટર કૃષ્ણકાન્ત—એક બાહોશ યુવાન ડૉક્ટર તથા રસાયણશાસ્ત્રી માલુનો પુત્ર.

ઉપરાન્ત, વણકરો, મજૂરો, ભૈયાઓ, સિપાઈઓ, વિગેરે

સ્ત્રી પાત્રો.

માલિની—કીર્તિદેવની પુત્રી, મેઘદૂતની હૃદયેશ્વરી.

શિવકામિની—ભાગ્યનગરના એક કરોડાધિપતિ સ્વર્ગસ્થ ધર્મ-શાયની પુત્રી; થોડા સમય "નર્સ માડીની",

શોભના—કલાપીની રંક શિષ્યા અને પાછળથી તેની પ્રાણેશ્વરી; "પ્રિન્સેસ ઇંદિરા" તથા નાચનારી "ગુલબદન"નો પાઠ ભજવતી વણકરની છોકરી.

મીરાં—'મ્હેરા', 'મિસ મેરી', તથા 'મરિયમ બેગમ'નાં વિવિધ નામથી ઓળખાતી નર્સ, દુઆવિદ્યાની આંખની કીકી !

ઉપરાન્ત, સ્ત્રી વણકરો, સખીઓ, વિગેરે.

સ્થળ—ભાવનગર તથા શિવ-નિકેતન.

સમય—ભૂત, વર્તમાન અને ભવિષ્ય.



મેઘ—માલિની

નાટકની રૂપરેખા.

આમુખ.

હિંદ દેવીની સ્તુતિ. નટી સરોજ અને તેના ભાઈ ગોપાળ વચ્ચે નવયુગધર્મ સંબંધી વાર્તાલાપ. "હબચાની પાંખડીએ પાંખડીએ વંદે માતરમ્'ના મંત્ર કોતરવાનું સૂઝતું વચન.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ભાગ્યનગરની "વિલાસ મિલ."

ભાગ્યનગરની વિલાસ મિલના કામદારો સત્યાગ્રહનું ગીત ગાઈ રહ્યા છે આ મિલના માલેક કર્મવિલાસશેઠ તથા એમના કેશિયર દુભાષિયાનું પ્રવેશવું મિલ મજૂરો તરફ કર્મવિલાસ શેઠની સખ્તાઈ અને ક્રુરતા. એટલામાં મિલના મૅનેજર મેઘદૂતનું આવવું. મજૂરો તરફ મેઘદૂતની દિલસોજી, કર્મવિલાસ અને મેઘદૂત વચ્ચે ચકમક. મેઘદૂતે નોકરી છોડી ચાલ્યા જવું.

પ્રવેશ ૨ જો.

સ્થળ—કર્મવિલાસ શેઠનો 'ડ્રૉઇંગ રૂમ'

ભાગ્યનગરનો ગરીબ વણકર અને અનુપમ કલાકાર કલાપી તથા તેના ઝૂંપડામાં ઉછરેલી તેની રંક શિષ્યા શોભના આજે પોતાના હાથની બનાવટની એક સાડી તૈયાર કરીને કર્મવિલાસને વેચાતી આપવા આવ્યાં છે. ગુરૂ શિષ્યા વચ્ચે કલાની કૃતિઓ ઉત્પન્ન કરનાર અને તેનો ઉપભોગ કરનારની યોગ્યતા વિષે મર્મભેદી ચર્ચા. કૈલાસાધિપતિ શિવકામિનીને ભેટ તરીકે આપવાને કર્મવિલાસે શોભાના

પાસે જે સાડી તૈયાર કરાવી હતી તેજ સાડી કલાપી શોભનાને પહેરાવે છે; એટલામાં કર્મવિલાસનું પ્રવેશવું. આ 'ઉદ્ધત વર્તણુંક' માટે કર્મવિલાસના પ્રહાર. જે છોકરીને કર્મવિલાસ 'હલકી ભિખારણ' તરીકે તુચ્કારે છે તેને 'કુલવાનો અને ધનવાનો પાસે મહારાણીની માફક પૂજાવવાની કલાપીની પ્રતીજ્ઞા.

પ્રવેશ ૩ જો.

સ્થળ—કિર્તિદેવનુ ઉદ્યાન.

'કર્મવિલાસના ભાગીદાર અને "વિલાસ મિલના" 'બીજા માલેક કીર્તિદેવની પુત્રી માલિનીનુ આજે કર્મવિલાસ સાથે વેવિશાળ થનાર છે. માલિનીને બગીચામાંથી તેડવાને કીર્તિદેવનું આવવુ. પોતાના વેવિશાળ સામે માલીનીનો વિરોધ મેઘદૂતે આવી માલિનીને ઉત્તેજન આપવુ. કીર્તિદેવે ગુસ્સે થઇને જવુ મેઘ–માલિનીનો પ્રેમપ્રયોગ.

પ્રવેશ ૪ થો.

સ્થળ—ભાગ્યનગરમાં શિવકામિનીનુ "કામિની ભુવન."

આજે ', કામિની ભુવન"મા ભાગ્યનગરના સ્વર્ગસ્થ શેઠધર્મ-રાયની પુત્રી શિવકામિનીનો જન્મદિવસ ઉજવાઇ રહ્યો છે, ત્યા કલાપી તથા શોભના શિવકામિનીને કિમતી સાડીની ભેટ આપવા આવે છે. બહારના દેખાવ ઉપરથી શોભનાનું રાજકુમારી તરીકે સન્માન. પાછળથી ભેદખુલ્લો થવો. છેવટે કલાપીની સૂચનાથી શિવકામિનીએ શોભનાને પોતાને ત્યાં "પ્રિન્સેસ ઇંદિરા" તરીકે રાખવી ! સર્વ જવા બાદ મેઘદૂતનું પ્રવેશવુ સોલિસિટર મહેરજીભાઇ મરફાવાલા પાસેથી શિવકામિનીના પિતાનું 'વિલ' હાથ લાગ્યાના સમાચાર. 'વિલ' ની વિચિત્ર શરતો. મેઘદૂત પ્રતિ પોતાના પ્રેમનો શિવકામિની નો એકરાર.

પ્રવેશ ૫ મો.

સ્થળ—કર્મવિલાસનો ડ્રૉઇંગ રૂમ

મેઘદૂતે "વિલાસ મિલ"માંથી રાજીનામુ આપેલું હોવાથી મિલના સર્વ મજૂરોએ હડતાલ પાડી છે, કીર્તિદેવ કર્મવિલાસ તથા દુભાષિયા હડતાળથી ઉભી થયેલી મુશ્કેલીનો વિચાર કરી રહ્યા છે દુભાષિયાની મિલ મેનેજર તરીકે નિમણુક. કીર્તિદેવનું જવું

મર્હુમ ધર્મરાયની મીલકત પચાવી પાડવાને તથા શિવકામિનીને પરણવાને કર્મવિલાસે ધર્મરાયનુ બનાવટી 'વિલ'ઉભું કરેલુ છે. તે 'વિલ' નો કેસ કોર્ટમા ચાલતો હોવાથી કર્મવિલાસ દુભાષિયા મારફત નર્સ મીરા પાસે ખોટી જુબાની અપાવવાની તજવીજ કરે છે. એટલામા મીરાંનુ આવવુ કર્મવિલાસે બંનેને એકાંત આપવું. દુભાષિયા તથા મીરાના કોલકરાર અને દુભાષિયાનો સિદ્ધાંતવાદ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—સોલિસિટર મહેરજીભાઇ મસ્કાવાલાની ઓફિસ.

મહેરજીભાઇ તથા મેઘદૂત વચ્ચે " કામદાર સ્વાશ્રય સમાજ " ના ઉદ્દેશો સંબધી ચર્ચા. માલિનીનો નિશ્ચય અને પોતાના પિતાની મિલકત માટે બેપરવાઇ. માલિની " કામદાર સ્વાશ્રય સમાજ" માં જોડાયેલ છે એ હકીકત સાભળતાં મહેરજીભાઇએ દિગમુઢ થઇ જવુ માલિનીનું જવુ અને કલાપીનુ પ્રવેશવુ કલાપીને ગરીબ હાલતમાં જોઇને મહેરજીભાઇએ તેને ", લોફર " આદિ વિશેષણોથી વધાવવો પાછળથી ધર્મરાય શેઠના 'વિલ' માં જાહેર થયેલો શિવકામિનીનો " ભવિસ્યનો ભરથાર " તેજ આ કલાપી છે એમ જણાતા મહેરજીભાઇ મસ્કાવાળાનો મસ્કો ! છેવટે શિવકામિની કલાપીને પસંદ કરી શકે તેવી મહેરજીભાઇની સલાહ " પૈસાદાર બૈરીને પરણવાની મને ફૂરસદ નથી" એવો કલાપીનો પ્રત્યુત્તર સાંભળીને મહેરજીભાઇના " મગજ " ઉપર લોહી ચ્હડી જવુ સોલિસિટર સાહેબના [illegible] માળુએ બળતામા ઘી હોમવું

પ્રવેશ ૭ મો.

સ્થળ—વિલાસ મિલ” પાસેનાં કંગાલ ઝુંપડાંઓ.

કીર્તિદેવે માલીનીનાં લગ્ન તુરતજ કરી નાંખવાનો નિશ્ચય કરવાથી માલિની ઘર છોડીને નાઠી છે, અને મેઘદૂત તેને કલાપીના ઝુંપડામા છુપી રાખવાને અહિ લાવ્યો છે. એટલામા શિવકામિની તથા “ પ્રિન્સેસ ઇંદિરા ’ ના વેશમાં શોભના પ્રવેશે છે. માલિની મેઘદૂત સાથે જોઇને શિવકામિનીના દિલને આ ઘાત માલિની અને શિવકામિની વચ્ચે માર્મિક શબ્દ પ્રહાર. કર્મવિલાસ તથા કલાપી વચ્ચે ચકમક. મેઘદૂતે મજૂરોને હિમ્મત આપવી. મજૂરોનાં ઝુંપડાંઓ બળાત્કારથી ખાલી કરાવવાનો કર્મવિલાસનો હુકમ ઝુંપડાઓ બાળી મૂકવાનો મેઘદૂતનો હુકમ. ઝપાઝપી. ઝુંપડાઓનુ બળવું ઝપાઝપીમા મેઘદૂતનું ઘાયલ થવુ. મેઘદૂતને બચાવવા માલિનીએ કર્મવિલાસ ઉપર તૂટી પડવુ. માલિનીને આ ટોળામા જોઇને કીર્તિદેવના મનનુ ભ્રમિત થવુ

ટૅબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ ભાગ્યનગરની જાહેર ફુલવાડી.

માલિની ઘર છોડીને “ મજૂરોના ટોળા ” માં ભળી છે એમ જાણીને કીર્તિદેવનું મન ભ્રમિત થઇ ગયુ છે કીર્તિદેવ દીવાનાની માફક “ શુદ્ધ પ્રેમ ” અને “ સાચા ફકીરો ” ની શોધમા આથડી રહ્યો છે. કીર્તિદેવ અચાનક અદશ્ય થવાથી લોકો માને છે કે તેણે આપઘાત કર્યો છે ચિંતા અને નિરાશીમાં કિર્તિદેવનુ આખું સ્વરૂપ બદલાઇ ગયું છે. આજે પાછો તે અનેક શહેરોમાં રખડીને ભાગ્યનગર આવ્યો છે, પણ કોઇ તેને ઓળખતુ નથી. ભાગ્યનગરની જાહેર ફુલવાડીમાં તે ભટકે છે એટલામાં કર્મવિલાસ તથા દુભાષિયા પ્રવેશે છે.

ધર્મરાયના “વિલ”ના કેસનો ચૂકાદો આવી ગયો છે અને કર્મવિલાસે રજુ કરેલું “વિલ બનાવટી ઠરાવવામા આવ્યું છે. માલિની

પાછી પોતાના પિતાને મકાને આવી ગઇ છે. પણ કીર્તિદેવ તો પાગલ અવસ્થામાંજ ભટકે છે મીરાં મારફત મેઘદૂતનો પૂરેપુરો ઘાટ ઘડી માલિનીની મિલકત પચાવી પાડવા સબંધી કર્મવિલાસ તથા દુભાષિયાની મસલત પાગલ સાથે તેઓનો મેળાપ.

પ્રવેશ ૨ જો.

સ્થળ—દરદી મેઘદૂતનો ઓરડો.

મેઘદૂત ઝપાઝપીમાં ઘાયલ થયા પછી બિમાર થઈને પડયો છે. મીરા તેની દિવસની નર્સ તરીકે સારવાર કરે છે. મીરાં છુપી રીતે દવાના ડોઝમા ઝેર ભેળવે છે. ડૉક્ટર કૃષ્ણકાન્ત તથા દરદીની કરુણામય વાતચીત. એટલામા શિવકામિની કે જે "નર્સ મોહિની" ના છુપા વેશમાં રાત્રિની નર્સ તરીકે મેઘદૂતની સારવાર કરે છે તેનુ પ્રવેશવુ " નર્સ મોહિની" પોતાની સારવારનો બધો ખર્ચ ઉપાડે છે તે જાણી મેઘદૂતની "મોહિની" ઉપર મમતા. "ડોઝ" ના રંગમાં ફેરફાર જોઇને "મોહિની"ની શંકા. શંકાભરેલા ડોઝનું પૃથક્કરણ કરાવવાનો શિવકામિનીનો નિશ્ચય. દવામાં ધાલમેલ થયાની માલિનીની શંકા "નર્સ મોહિની' ની બૅગની તપાસ. મોહિની તે શિવકામિની ઈર્ષ્યાને લીધે મેઘદૂતને ઝેર આપે છે એવી માલિનીની ખાત્રી, મેઘદૂતનું જાગવું, મેઘ–માલિનીનો કરુણાલાપ.

પ્રવેશ ૩ જો.

સ્થળ-દુભાષિયાના "મંગલાની ગૅલેરી"

નર્સ મીરાં સાથે દુભાષિયા પુનર્લગ્ન કરનાર હોવાથી તેના નફા ટોટાનો હિસાબ ગણવાને તેણે એક પાટિયા ઉપર નફા ટોટાના જમે ઉધાર માર્કનો કોઠો બનાવ્યો છે, અને તેના ઉપર અભિપ્રાય લેવાને સોલિસિટર મહેરજીભાઇને બોલાવ્યા છે, ત્યાં પાગલ કીર્તિદેવ પ્રવેશીને સોનો ફોટો લેવા માડે છે. હિસાબના કોઠામાં મેઘદૂતના ખૂનની હેરત પમાડનારી વિગત વાંચીને મહેરજીભાઇ ચમકે છે, અને તેથી તે પાગલના કૅમેરાનો ઉપયોગ આ કોઠાનો ફોટો લેવામાં કરે છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ–મેઘદૂતનું દીવાનખાનું

મેઘદૂતને દવામાં ઝેર આપવામાં આવે છે એવી ચોંકાવનારી ખબર કર્મવિલાસે આપવી માલિનીએ એ વાતને ટેકો આપવો ઝેર આપનાર " નર્મ મોહિની " એટલે કે શિવકામિની જ છે એમ માલિનીએ જાહેર કરવું ઇક જોઈને કર્મવિલાસે સફાઈથી એ શંકાને મજબૂત કરવી, મેઘદૂતના દિલને અસહ્ય આઘાત, ઝેરનું નિવારણ પોતાના એકલાના જ હાથમાં છે એમ કર્મવિલાસે કહેવું, અને અમુક શરતે ઉપર મેઘદૂતની જીંદગી બચાવવાની ઇચ્છા બતાવવી.

મેઘદૂતની દુઃખના. માલિનીની દયાર્દ્ર સ્થિતિ છેવટે મેઘદૂતના પ્રાણ બચાવવાની ખાતર કર્મવિલાસ સાથે લગ્ન કરવાનો માલિનીનો મહાભારત સંકલ્પ.

પ્રવેશ ૫ મો.

સ્થળ–"કામિની" ભુવન.

મેઘદૂતને અપાતું ઝેર તથા તે ઝેર નાબુદ કરવાની દવા શોધી કહાડવાનું કાર્ય શિવકામિની ડૉકટર કૃષ્ણકાન્તને સોંપે છે. કર્મવિલાસે આજ રાત્રિએ માલિની સાથે લગ્નનું ચોકસ કર્યું છે. તેથી માલિનીને વખતસર ચેતવવાની તજવીજ. શિવકામિની અને શોભનાએ નાચનારીઓના વેશમાં લગ્નના મેળાવડામાં જઈ માલિનીને તેના સાહસમાંથી બચાવવાનું ચોકસ કરવું. મહેરજીભાઈ તથા ' માલુડાના કિસના"નો મેળાપ ! સોલિસિટર સાહેબે શિવકામિનીને તેના પિતાની ઇચ્છા મંજૂર રાખવા આગ્રહ કરવો શિવકામિની તથા કલાપીની પરસ્પર કદર માલુએ આવી મેઘદૂતની ગંભીર હાલતના ખબર આપવા.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ–કર્મવિલાસનો દરિયાઈ મહેલ.

"કામદાર સ્વાશ્રય સમાજ " ના સભાસદોને મેઘદૂતની રૂબરૂ બોલાવવામાં આવ્યા છે. માલિની "કામદાર સ્વાશ્રય સમાજ" ને "ઝવેરી સુખ સાધક મંડળ" સાથે જોડી દેવાની પ્રથમ સૂચના કરે છે. કલાપી તથા બીજા કામદારોનો મજબૂત વાંધો "પહેલીજ શરત"

તોડવા માટે કર્મવિલાસનો માલિની ઉપર ક્રોધ. નાચ અને ગાનતાનનો મેળાવડો. પાછળથી માલિનીએ મેઘદૂતનું ઝેર નાબુદ કરનારી દવાની કર્મવિલાસ પાસે માગણી કરવી લગ્ન પહેલાં દવા નહિ આપવા કર્મવિલાસનો નિશ્ચય. માલિનીનો સામો નિશ્ચય. કર્મવિલાસની ધમકી શોભનાએ ખૂલ્લું થવું શોભનાને દરિઆમાં ફેંકવાનો કર્મવિલાસનો પ્રયત્ન, માલિનીએ શોભનાને બચાવવી, અને પોતે કર્મવિલાસના પંજામાં પકડાવું. કીર્તિદેવે માલિનીના બચાવમાં કૂદી પડવું. રકઝકમાં કર્મવિલાસ, માલિની તથા કીર્તિદેવનું દરિઆમાં પડવું, બીજેજ ક્ષણે કૃષ્ણકાન્તે ઝેર નાબુદ કરનારી દવા સાથે આવી પહોંચવું. મેઘદૂતનો બચાવ.

ટૅબ્લો.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—"શિવ-નિકેતન"નું મુસાફરખાનું.

કર્મવિલાસના દરિઆઈ મહેલના બનાવને આજે મહિનાઓ વીતી ગયા છે. મેઘદૂતને કૃષ્ણકાન્તના ઉપચારથી તદ્દન આરામ થઈ ગયો છે અને શિવકામિનીના આગ્રહથી ધર્મરાયની ટ્રસ્ટ એસ્ટેટ વડે તેણે "શિવ-નિકેતન" નામનું આદર્શ સંસ્થા વસાવ્યું છે. કર્મવિલાસ, માલિની તથા કીર્તિદેવ દરિઆમાં ડૂબતાં બચી ગયાં છે, પણ ભગ્યનગરમાં કે "શિવ-નિકેતન"માં કોઈને તેઓનો પત્તો મળ્યો નથી. દુભાષિયા કર્મવિલાસની મિલકત પચાવી પડ્યો છે. અને હવે "શિવ-નિકેતન"માં પગ પેસારો કરવાને તેણે મીરાં સાથે અહિંના મુસાફરખાનામાં ઉતારો લીધો છે

કર્મવિલાસ છૂપાતો છૂપાતો ઠેરઠેર રખડે છે. આજે કોઈની બૅગ ચોરીને આ મુસાફરખાનામાં ઘુસી આવ્યો છે "સાહુકાર" દુભાષિયાએ આ ચોરેલી બૅગના ધણી થઈ જવું. એટલામાં પોલિસ તથા મહેરજીભાઈનું આવી ચઢવું. બૅગ મહેરજીભાઈની જતાં દુભાષિયાએ "આબરૂદાર જન્ટલમૅન"ની સફાઈ બતાવવી! દરમિઆન મેઘદૂત, કૃષ્ણકાન્ત તથા માલુમ કે જે હવે મેઘદૂતનો પ્રાઈવેટ સેક્રેટરી

નિમાયો છે તેનું પ્રવચનુ. કર્મવિલાસને ચીથરેહાલ સ્થિતિમાં કોઈ ઓળખતુ નથી. મેઘદૂતની કર્મવિલાસ ઉપર રહેમ ચાગયેલી જંગમાંથી દુભાષિયાના પુનર્લગ્નના હિસાબના ફોટો નિકળવો. મેઘદૂતે ફોટો જપ્ત કરાવવો, અને મીરા, દુભાષિયા, તથા મહેરજીભાઇને નજરકેદ કરવાં.

પ્રવેશ ૨ જો.

સ્થળ—"શિવ–નિકેતન" પાસેની વન–રાજિ.

કીર્તિદેવે જીવને જોખમે માલિનીને દરિયામાંથી બચાવી ત્યાર પછી તે ગંભીર માંદગીમાં સપડાયો છે કીર્તિદેવની તબિયતની ખાતર માલિની શિવ–નિકેતન પાસેની વનરાજિ નજદીક તંબુ નાખીને રહી છે. હજુ પિતા પુત્રી એક બીજાને ઓળખતા નથી. મેઘદૂત તથા શિવકામિની પ્રેમગ્રંથિથી જોડાયા છે. એવી શંકા થતા માલિની પોતાના ગુપ્ત આવાસમાંજ રહી છે

માલિની કીર્તિદેવની સારવાર કરી રહી છે. કીર્તિદેવનું માલિની પ્રતિ વાત્સલ્ય. પિતા પુત્રીની ઓળખ. એટલામાં પાસેની ઘટાઓમાં મેઘદૂત તથા શિવકામિનીનું આવવું. શિવકામિનીનું સ્નેહ સ્વપ્ન અદૃશ્ય થવું. શિવકામિનીની ઉદારતા અને મેઘદૂતની ભગિની તરીકે પોતે દિલાસે લેવો. દિલભગ્નનુ જવુ. માલિનીની શંકા અને તેના દિલને અસહ્ય આઘાત કીર્તિદેવનુ માલિનીને આશ્વાસન

પ્રવેશ ૩ જો

સ્થળ—"શિવ–નિકેતન"માં "ઇંદિરા કુટિર"

શિવકામિની તથા શોભનાની સ્નેહગોષ્ઠી. કલાપી ઉપર શોભનાનો પ્રેમ. કલાપીનું આવવુ. અને શિવકામિનીએ કલાપી પાસે શોભનાના પ્રેમનો સ્વીકાર કરાવવો. શિવકામિની ગયા બાદ પ્રેમી યુગલ વચ્ચે "ફુરસદ"!

પ્રવેશ ૪ થો

સ્થળ—"શિવ-નિકેતન" માં મેઘદૂતનો બંગલો.

ઇર્ષ્યાથી બળતી માલિની મેઘદૂતના ચારિત્રની સેકેલ્સી કાઢી કરવાને પરદેશી છુપા વેશમા મેઘદૂતને મળવા આવી છે. મેઘદૂત તથા માલિનીનો મેળાપ. મેઘદૂતને ચળાવવા માલિનીનો પ્રયત્ન. નિર્દોષ મેઘદૂતનો નિખાલસ જવાબ માલિનીનો શકનું અહીભૂત થવું માલિનીએ ધિક્કાર દઇ જવું, તુરતજ શિવકામિનીએ આવીને મેઘદૂતને બાતમી આપવી કે માલિની પોતેજ પરદેશી બાનુના લેબાસમાંની હતી મેઘદૂતનું આશ્ચર્ય. તેજ ક્ષણે માલિનીને પાછી બોલાવવી. માલિનીએ ફરીથી આવવુ મેઘદૂતે માલિનીને બનાવવી છેવટે ભેદ ખુલ્લો થવો.

પ્રવેશ ૫ મો.

સ્થળ—પ્રિન્સેસ ઇંદિરાની ઉદ્યોગશાળા.

મેઘદૂતની સૂચનાથી કર્મવિલાસને "પ્રિન્સેસ ઇંદિરા" ની ઉદ્યોગશાળામાં દાખલ થવાને મોકલવામાં આવ્યો છે. કર્મવિલાસની મિલમા જે મુફલીસ મજૂરો ગધાવૈતરૂં કરતાં હતાં તેઓ આ ઉદ્યોગશાળામા તક મળવાથી ઊંચી પદવી પ્રાપ્ત કરી શક્યાં છે અને તેઓ ઘણીજ ઉચ્ચ જીંદગી ગાળવાને ભાગ્યશાળી થયાં છે. એ સર્વ ઇતિહાસ સાંભળી કર્મવિલાસની આંતર વેદના. એટલામાં કીર્તિદેવ તથા મહેરજીભાઇનું આવવુ પોતાની પુત્રીના અનાદર માટે મેઘદૂત ઉપર વેર લેવાની ખાતર કીર્તિદેવે સર્વને મેઘદૂત સામે ઉશ્કેરવા, કર્મવિલાસે ભડખોરોના ટોળામાં ભળવુ.

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—" શિવ-નિકેતન " નો " કામિની ચોક."

આજે શિવનિકેતનની પ્રજા તરફથી મેઘદૂતના હાથથી "માલિની" ની છબી ખૂલ્લી મૂકવાનો ઉત્સવ છે. છબી ખૂલ્લી મૂકવાની તૈયારી થાય છે ત્યા કીર્તિદેવે કર્મવિલાસ વિગેરે સાથે પ્રવેશવું, અને" નીતિ ભ્રષ્ટ ખૂની સ્ત્રી " ની છબી ખૂલ્લી મૂકવા સામે સખ્ત પોકાર ઉઠાવવો. કીર્તિદેવ હજુ સુધી એમજ માને છે કે આ છબી શિવકામિનીની છે પરંતુ એટલામા માલિનીનુ આવવુ અને પોતાના પિતાની શંકા દૂર કરવી. માલિની તથા કીર્તિદેવને હયાત જોઇ સર્વનું આશ્ચર્ય.દરમિઆન દુભાષિયા તથા મીરાએ આવી મેઘદૂતની દયા મગાવી. કીર્તિદેવે તથા માલિનીએ મેઘદૂત સામે ખૂની પ્રયત્ન માટે શિવકામની ઉપર શકા બતાવવી. ભગવી કંથામા મર્જી થયેલી સાધ્વી શિવકામિનીનો કરૂણુલાપ કર્મવિલાસનુ હૃદય દ્રવિત થવુ. દેવટે કર્મવિલાસના સાહસિક હૃદયે પોતાનાં પાપ જાહેર રીતે કબૂલ કરવાં, અને મહેરજીભાઇએ દુભાષિયાના કોઠાના ફેરોઆફથી વધારે સાબીતી આપવી. પ્રિન્સેસ ઇન્દિરાનો ભેદ ખુલ્લો થવો કર્મવિલાસ, દુભાષિયા તથા મીરાંને મારી " ખરી રીતે મનુષ્ય પાપી નથી, હલકો નથી, ધિક્કારને પાત્ર નથી, પણુ પાપ અધર્મ, અસંસ્કાર, એ આપણા સંસારની અસ્તવ્યસ્ત ઘટનાનાંજ પરિણામ છે, માટે એ ઘટનાને ચૂર્ણ કરો, અને ઉંચાં નીચાંના જૂદા ભેદોને તોડી નાખો "—મેઘદૂતના આ મહાન સૂત્ર સાથે તથા " વંદે માતરમ્ " ના જયઘોષ સાથે સમાપ્તિ.

મેઘ-માલિની

નાટકનાં ગાયનો.

અંક ૧ લો

૧

ગોપાળ તથા બીજા હિંદબાળ-

ચરણો ચૂમુ પ્રિય માત હિંદ દેવી,
છો સહાય શિરછાંય જગતની,
ભારતી પ્રાણ કરૂણાનિધાન —ચરણો૦
શીતલ સુચંદન, અવની અંજન,
તમથી નહિ અધિક પ્રિય કાંઈ,
દિલ કલિએ કલિએ તમ છે નામ —ચરણો૦

સરોજ—

૨

જગજૂના યશવંતા હિંદી મૈયા,
સુજલા એ, સુફલા એ, ગરવા ગુણવંતા,
ન્યારા હિંદ હૈયા —જગજૂના૦
દિશ દિશ ઉડતા અમ ધ્વજ ધવલા,
ગિરિ ગિરિ ઘુમતા ભારત વીરલા,
સહુ જન ગણુતા તાજ જગતના,
ક્યમ સમણા એ અમથી ભૂલાયે ?
મોહ્યા મન સૈયાં —જગજૂનાં૦

મિલ મજૂરો— ૩

નાહિ સત વિણુ શરણુ તુ ચિત્ત ધર રે,
દુનિઆ સત પર જીવત જીવનભર,
નાથ કોઇ નહિ સત સ્વામિ જ્યાં,
શિદ ગુલામી ક્‌વર કરે —નાહિ૦
મોહ લોભ તજ યારી,
મુક્તિ મન ધારી, ઉડી જા રી,
બંધન ખલક ખુવારી,
આત્મરાજ્ય એક સાચ સમજ તું અચલ રે—નાહિ૦

મેઘદૂત— ૪

એક દીનનાથ,
એજ પ્રજાપાલ,
રંક રાયા, મૂર્ખ જ્ઞાની,
સાનો કૃપાનાથ. —એક૦
ના અવર ગરીબ નિવાજ,
એજ સુણુત તમ હાક,
નાથ એ ધરત હાથ,
છોડયો નહીં સાથ —એક૦

શોભના— ૫

દોલતનાં તેજ ન્યારાં, છે વિધાતા ડૂલ ત્યાં.
લક્ષ્મીના દોર જ્યાં, ગરવા સૌ ઓપતા,
દેવો ત્યા શોભતા, ના રંકોના મૂલ ત્યાં —દોલતનાં૦
સૌ માન દોલતના,
સુખ ભોગ દોલતના,
જગલોભન મોહન દોલત માંહિ સહુ ડોલતાં.
ના રંકોનાં મૂલ ત્યાં. —દોલતનાં૦

યોજના— ૬

મ્હેંચાણુ હું તો સ્નેહીના બોલે મ્હેંચાણુ,
જીગર આ તમારાં, જીવન આ તમારાં,
તમારાં છે આ અંગો તમામ. —મ્હેંચાણુ૦
સાડી પહેરાવો, કંથ વા ધરાવો,
હેમે મઢાવો, ફૂલોથી મનાવો,
નેયાં ઇશારે ઝુલાવો ફૂલાવો,
કનૈયા ગોપીના છો પ્રાણુ —મ્હેંચાણુ૦

માલિની— ૭

અચાનક આવી મેઘમાલા,
તરૂવર જો હસ્યા હાવભાવમા. —અચાનક૦
કા વરસો ન પ્રિય મેઘ રસાળા ?
જોબન જો જશે વારવારમા ! —અચાનક૦

માલિની— ૮

વાદળ રે શીદ વરસ્યાં ?
શાને સુજલ પાયાં ?
આંગણુ શાને ફુલ ખિલવિયાં ? —વાદળ૦
હતા બાલ અણુખિલ્યાં કુસુમડા,
શીદ જગવિયાં અતર એનાં ?
કાં મમ માલી તાત ડુલવિયા ? —વાદળ૦

માલિની— ૯

થાજો પ્યારી વાદળી
થાઉં હું તો હાં વનમાલી —થાજો૦
વૃષ્ટિ મીઠી વરસાવો વીજળીની સાથે,

માલી હું નીર તૃષાતુર પાઉં.
ફૂલવાડીઓ વિલસાવું. —થાજો૦

શિવકામિનીની સખીઓ-૧૦

અરે હા ચાહની ખીલી રસીલી આ !
અમી વરસે મુખે મધુરી આ,
જ્યોત ઝબકે કૌમુદી કે કામિની પ્યારી આ !—અરે૦
કામદેવ જન્મ વ્હાલી નેનમા,
હૈયા નાહ્યા રસમા,
આજ ગાઓ ગીત પ્યાર,
લ્હાણું લેજો, દાન દેજો, પ્રાણ કહેજો, વ્હાલી હાં.—અરે૦

૧૧

શિવકામિની—મહારાણી શ્રી મોઘાં ન થાઓ,
ન મોહાવો, ન લુભાવો,
શોભના—ખોટા માન આપી શું ભોળી ભરમાવો !
જાઓ જાઓ મહારાણી૦
શિવકામિની—હૈયાં કામણથી દિલડાં કુમળા,
મદભર નૈયા ન નચાવો,
શોભના—બની ઘેલી હું કાં તમે ઘેલા થાઓ !
શિવકામિની—આવો આવો. —મહારાણી૦

શિવકામિની ૧૨

હૈયા વિદારજે,
હૈયાની આશા ના મારજો,
આશા હો ત્યાં નેનનાં હાસ્ય જો. —હૈયાં૦
આશ છે આંખો કેરી રોશની પ્યારી,
આશ છે પંખિ કેરી પાંખ,

હું તો પંખિ વિના પાખ,
જો પાંખો નહિ ઉડુ કયમ પ્રાણ ?
ઊડાં આકાશ જો ! —હૈયા૦

મીરાં— ૧૩

મને નચાવો નાહિ છેલડા,
હું તો ઉતાવળી, બની છું બાવરી,
લગનની વાતડી સુણી ધીર ના જરી,
દુભાષિયા—ઓ ડીઅર ! પાણી પાણી થાય કાળજા—મને૦
કહે દો પ્રાન મુઝે પ્યારમે ખુદાકે લિએ !
મીરાં—હિઓજી પ્રાન મુઝે પ્યારસે ખુદાકે લિએ !
દુભાષિયા—ઓ ડીઅર ! પાણી પાણી થાય કાળજાં !—મને૦

માલિની— ૧૪

ગરીબ પ્રાણ કબર પર શ્રીમાન્ બાગ ફાલે,
ગરીબ ચૂર્ણ જીગરપર શ્રીમાન્ મોજ મ્હાલે —ગરીબ૦
હજાર ચશ્મ રૂદનથી ખુશાલ એક થાયે,
હજાર ક્રૂર જખમથી આરામ એક કાયે. —ગરીબ૦
હજાર દેહ પતનથી પૂજાય એક ભાવે,
હજાર જાન ખરીદ પંર રે એક શાહ કહાવે —ગરીબ૦

અંક ૨ જો

કીર્તિદેવ— ૧૫

જગત અંધ થયુ, બુદ્ધિમંદ થયુ મોહ,
હાં માયા મોહે. —જગત૦
સ્નેહજાદુ તણી જાળ રૂપાળી,
જગત ભર્યુ ભરમાય,
આલમ આખી ભોળી દીવાની,

દંભ સ્નેહના છે ફાની,
મન મોહ્યું હાં તોયે. —જગત૦

"નર્સ મોહિની"— ૧૬

મોહી પડયું મન પ્રિય નિરખી નયન,
તન મન અગન ઝળે દિલરોશન —મોહી૦
લાગી ગઇ અણુ અણુ ચીનગારી,
આગ નહિ બુઝે વિણુ પ્રીતિજલ. —મોહી૦

માલિની ૧૭

ઉર ન ભાવો માયે,
નેન આંસુ ભરાયે મ્હારે,
ક્યાં કહું ક્યારે ? —ઉર૦
અંધી જહિં છાઇ દિશ દિશ,
ત્યાં તેજ દિલનાં એક નાથ. —ઉર૦

માલિની ૧૮

નાહિ ઠેલો વ્હાલા સુધા પ્યાલી,
આપો આ અમી ભરી,
જેવા સદાયે હું અધીરી,
માનો વિનતિ આ જરી, પ્રીતડી હો ખરી,
યાચું હું કરગરી અરે હાં. —નાહિ૦
અવર ના કાંઈ માગું,
વિસરી સઘળું આ હું,
તમ દરશને રાચું,
મીઠી નજરે હું જાઉં તરી, અરે હાં. —નાહિ૦

શિવકામિની ૧૯

વ્હાલમનાં વ્હાલ જ્યાંયે, ઓવારૂ પ્રાણુ ત્યાંયે,
સ્નેહી-સંદેશ જ્યાયે,
સ્વર્ગના વાયુ વાયે, મેઘ ધાયે —વ્હાલમનાં૦
શું ન દઈએ સ્નેહ સાટે,
શું ન કરીએ આત્મ માટે,
આ સહુ જીવન જીવાયે,આત્મ કાયે, પ્રેમી પાયે-વ્હાલમના૦

માલિની— ૨૦

ના સ્મરજો એ મોંઘા પ્રેમકોલને,
એ જૂની ગોઠને,
ભૂલજોજી મીઠાં બોલ એ. —ના૦
નવ દેહ ધારો,
વ્હાલીને વિસારો,
પ્રભુજીને ખોળે આવો,
હબાવો પ્યારા ભાવો,
છોડી મોહને. —ના૦

ગુલબદન— ૨૧

વ્હાલે શી પ્યાલી પાઈ ?
આંજીને આંખોમાં ભૂરકીશી રે હવાઈ !—વ્હાલે૦
ચુંબનથી ચૂંટયાં કુસુમ કુમારાં,
આલિંગ્યાં નયનથી જોબન હમારાં.
માલિકી મનની ગઈ બાઈ હરાઈ. —વ્હાલે૦

અંક ૩ જો

મીરાં— ૨૨

સુમધુર નિરખિયાં નેને ભરી,
શીતલ લહરી મહિ અંગો હિયે મમ,
પુલકિત થયુ તન, મુકુલિત નયન. —સુમધુર
ભાન ભૂલાયુ, ધવાયું પ્રીતે મન,
રજની સજની આ કામિની દયા કરી,
પ્રિયજન પ્રહી કર વ્હેલી વળ ભુવન. —સુમધુર૦

—:૦:—

માલિની— ૨૩

જીવન સુકાની જગનામી સોપ્યુ નાવ આ,
જલ આ સાગરે ઊંડાં ભર્યાં છે,
હોડી ના ડુબાવજે આપી તારો હાથ હા. —જીવન૦
ગરજે મેઘ દારૂણ ઝબકે વીજ,
ધાવત મોજાં ભારી,
હામ હૃદયની હુ હારી નાથ મમ,
ભવજલ મહિ નહિ છોડુ પ્યારો સાથ આ. —જીવન૦

—:૦:—

માલિની— ૨૪

જીવને વિસામો રે સાચા વ્હાલ. —જીવને૦
તાતને હૈયે આત્મલીન થાઉં,
ભીને કલેજ ભેટે રે કોણ બાલ ? —જીવને૦

—:૦:—

શિવકામિની— ૨૫

માગુ બીજુ નાહિ રે,
અમર વીરના પૂજન,
ભગિની ભાઇ સગાઇ,
જીગરે જડાય. —માગું૦

નજર મીઠી રહો વીર હેરી સદચે,
બળી જાઓ જૂઠા રાગ દ્વેષ બધાયે,
શિખરે ઉડાયે. —

——:o:——

૨૬

શિવકામની—રૂપાવ નહિ આવી જીગરના એ ભાવ,
નેન નખરાંઓ, સ્મિતે નખરાઓ,
શોભના—જીગરની અગન શું જખમથી બુઝાવો !—રૂપ
શિવકામની—અંગો કુમાશં નાચે કૃપાળા,
શોભના—એમાં શાં પાપ છે હમારા ?
શિવકામની—જળે છે હાસ્યમાં શી જવાલા !
શોભના—કાં અમારી બાળ લાજને લૂટાવો ?—રૂપ

——:o:——

૨૭

શોભના—ચૂંબને લૂટાશં લૂટો ન મ્હારા પ્રાણ,
શોભના—દિલ ચોર છે ઠગારાં તમારાં નેન બાણ,
શોભના—જાણું નાહિ સાનમાહિ નવેલી ન્હાની બાળ
થઈ દેહ હું ધૂ ારા હા.—ચુંબ
જાદુઈ જાળ નાખી આ શો ચમકાર !
કલાપી—જાદુઈ વેણુનો આ કેવો રણકાર !
શોભના—હસાવી ને નચાવી કરી ઘાયલ લાચાર,
હરી દિલડા કુમારાં હા.—ચુંબ

——:o:——

માલિની— ૨૮

મોહબતકી મીઠી લ્હેરીં આતી યે,
સુગંધિ બહાતી, બરસાતી,
લહરાતી, ધીમી ધીમી આતી યે. —મોઠી

આજ પ્રેમહેલી હાં રે,
પ્રીતસે ભરોજી જામ મેરે પ્યારે,
બાદલ ઘેરે કારે,
મેરી રસભરી છતિયાં રે. —મીઠી.

———:•:———

મેઘદૂત ૨૯

છોજી રહ્યા મતવાલાં હાં,
ઇરકબીનાં ! —એજી.
તમ ઉર ઝનકાર પ્રાણ જગવતાં,
સ્વર્ગીય છો નૂર પ્યારાં હાં ! —ઇરકબીનાં.

——— • ———

સર્વ— ૩૦

એક દીપક જલે જગત જીવન,
એક જ્વાલ સહુ અંતર રોશન.—એક.
એક સાગર-જલ વન વનનાં ઝરણ,
એક શરણ સકલ ભવ તારણ—એક.

વંદે માતરમ્.